# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૯/૦૪/૨૦૨૧નાં રોજ ONLINE WEBEX MEET નાં માધ્યમથી યોજાયેલ ૭૪મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા **AC/EC** ની સંયુકત બેઠક પૂર્ણ થયા બાદ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની, ૭૪મી બેઠકનું તા.૨૯/૦૪/૨૦૨૧નાં રોજ બપોરે ૦૬.૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષ મીટનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલની મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી– અધ્યક્ષશ્રી
2. ડૅા.કૃષ્ણપ્રસાદ નિરોલાજી
3. ડૅા. લલીતકુમાર એ. પટેલ
4. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
5. ડૅા. પકંજ ત્રિવેદી
6. ડૅા. આશાબેન માઢક
7. ડૅા. અર્જુનકુમાર શામલ
8. ડૅા. દશરથ જાદવ–કુલસચિવ

સૌપ્રથમ માન.કુલપતિંશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૭૪.૦૧ કરેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૧ થી તા.૨૬/૦૪/૨૦૨૧ દિન સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ અને યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૪.૦૨ નાણા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૩૦/૦૩/૨૦૨૧નાં રોજ આયોજિત થયેલ નાણા સમિતિની બેઠકનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા મહાનુભાવો સમક્ષ રજૂ કરેલ હતો જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૭૪.૦૩ બાંધકામ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૦૮/૦૪/૨૦૨૧નાં રોજ આયોજિત થયેલ બાંધકામ સમિતિનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા મહાનુભાવો સમક્ષ રજૂ કરેલ હતો જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૪.૦૪ યુનિવર્સિટીના રેગ્યુલેશન તૈયાર કરાવવા બાબત અંગે.

ઠરાવ : યુનિવર્સિટીના રેગ્યુલેશન્સ બનાવવાની કામગીરી તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજની ૫૭મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૫૭.૦૨ મુજબ એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં નક્કી થયા મુજબ શ્રી આર.એમ.મહેતાજી, અમદાવાદને સોંપવામાં આવેલ હતી તથા સદર તૈયાર થયેલ વિભાગો તા.૦૫/૦૯/૨૦૨૦ની ૬૭મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૬૭.૧૭.૦૨માં થયેલા ઠરાવ મુજબ અન્ય યુનિવર્સિટીમાં કુલપતિશ્રી/કુલસચિવશ્રી કે વહીવટી અધિકારી તરીકે સેવા બજાવી હોય કે બજાવતા હોય તેવા મહાનુભાવોને બોલાવી પૂર્ણ કરવા આદેશ થયેલ નીચે મુજબના ચાર ગ્રંથોનું સંપૂર્ણ કાર્ય પૂર્ણ થયેલ છે.

(૧) વિભાગ- ૧ રેગ્યુલેશન - જનરલ

(૨) વિભાગ - ૨ વર્ગીકરણ અને ભરતી નિયમો

(૩) વિભાગ - ૩ વર્તણૂંક, શિસ્ત અને અપીલ નિયમો

(૪) વિભાગ - ૪ સેવા નિયમો

શ્રી આર.એમ.મહેતાજીના તા.૧૮/૦૩/૨૦૨૧ના પત્ર અનુસાર તેઓ પોતાની નાદુરસ્ત તબિયતના કારણે જે બે વિભાગનું કાર્ય પૂર્ણ થયેલ નથી સદર બાબતે તમામ સભ્યશ્રીઓને અવગત કરવામાં આવ્યા હતા તેમજ ચર્ચા-વિચારણા કરી બાકી રહેલી કામગીરી ગુજરાત વિદ્યાપીઠના ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી પિયૂષભાઈ શાહ પાસે શ્રી આર.એમ.મહેતાજીને નિમણૂક કરેલ અને પરત મળેલ રકમ તેમને ચૂકવવી અને વહેલી તકે કામગીરી કરાવવી તેમ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ.

કામગીરી બાકી છે તે વિષયો

(૧) વિભાગ - ૫ - એકેડેમિક ફંકશન, અન્ય વિષયો

(૨) વિભાગ - ૬ - એકાઉન્ટ મેન્યુઅલ

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૭૪.૦૫ બી.એ.બી.એડ. ઈન્ટીગ્રેટેડ કૉલેજની મંજૂર થયેલ જગ્યાઓનાં નિયમો મંજૂર કરવા તથા ભરતી પ્રક્રિયા કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજમાં જે આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨ થી બી.એ.બી.એડ. ઈન્ટીગ્રેટેડ કૉલેજ શરૂ થનાર છે. જે B.ed એ કૉલેજનો જ એક ભાગ ગણીને સદર બાબતમાં ભરતી પ્રક્રિયા દરમિયાન રોસ્ટરના નિયમોને ધ્યાને લઈ ભરતી પ્રક્રિયા કરવાની થાય છે તેથી કૉલેજમાં અગાઉ મંજૂર થયેલ ૦૩(આસિ.પ્રોફેસરો) તથા સદર બી.એ.બી.એડ. માટે મંજૂર થયેલ ૦૩ કાયમી જગ્યાઓ જેમાં રોસ્ટર મુજબ અનુક્રમ નં.૦૪ જગ્યા SEBC ભાઈઓ/બહેનો માટે તથા અનુક્રમ નં.૦૫ ની જગ્યા GENERAL ભાઈઓ/ બહેનો માટે તથા અનુક્રમ નં. ૦૬ ની જગ્યા FOR ONLY FEMALE GENERAL માટે રોસ્ટર પ્રમાણે રાખવાની થાય છે તેમજ માન.કુલપતિશ્રી દ્વારા વિષય અને રોસ્ટરને ધ્યાને લઈ નીચે મુજબનો ફાઈલ પર નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે સૌ મહાનુભાવો ચર્ચા કરી અને તેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી. સદર જગ્યાઓનું વિષય અને રોસ્ટર વાઈઝ વિવરણ નીચે મુજબ છે.

| SR NO. | NUMBER AS PER POST | ROSTER | SUBJECT |
|---|---|---|---|
| 1 | 04 | SEBC(M/F) | ENGLISH |
| 2 | 05 | GENERAL (M/F) | VEDA |
| 3 | 06 | GENERAL (F) | EDUCATION<br>NAVYAVAYAKARAN |

આમ ઉપરોક્ત વિગતે રોસ્ટર અને વિષય રાખવાનું સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું.બી.એ.બી.એડ. ઈન્ટીગ્રેટેડ કૉલેજ માટે અન્ય ૦૩ વિઝિટીંગ જગ્યા મંજૂર થયેલ છે તેને કામગીરીના ભારણને ધ્યાને લઈ ફીક્સ ૨૫,૦૦૦ની મર્યાદામાં ૧૧ માસના કરાર આધારિત ભરવી તેમ નિર્ણય થયેલ. સદર તમામ જગ્યા માટે (૦૭ કુલ – ૦૬ શૈક્ષણિક તથા ૦૧ – બિન શૈક્ષણિક હંગામી જગ્યા) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : સસય – ૧૨૧૯ – CHE – ન.બા.૮૬ – ખ૨, તા.૨૨/૦૩/૨૦૨૧ થી ૦૧/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી જ ચાલુ રાખવાની મંજૂરી મળેલ છે જે અંગે ૦૧/૦૩/૨૦૨૧ થી વધુ એક વર્ષની સરકારશ્રી તરફથી સદર જગ્યાઓ ચાલુ રાખવાની મંજૂરી(રિન્યુઅલ પત્ર) મળ્યેથી ભરતી બાબતે સમિતિ દ્વારા તૈયાર કરેલ નિયમોને મંજૂરી આપવામાં આવી અને તે મુજબ તાત્કાલિક ધોરણે જાહેરાત આપી ભરતી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

૭૪.૦૬ ડિસ્ટન્સ એજ્યુકેશન શરૂ કરવા માટે કરવાની થતી જરૂરી ભરતી પ્રક્રિયામાં સ્વનિર્ભર ધોરણે ઊભી કરેલ જગ્યાઓનાં નિયમો અને પગાર ધોરણ નક્કી કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ડિસ્ટન્સ એજ્યુકેશનમાં ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરવાના લેવાયેલ નિર્ણયને ગતિ મળે તે માટે યુનિવર્સિટી દ્વારા વહીવટી અધિકારી – ૦૧, ક્લાર્ક – ૦૨ અને ૦૧ પટ્ટાવળા માટે જે પગાર અને ભરતી પ્રક્રિયા સંબંધિત જે નિયમો સમિતિ દ્વારા તૈયાર કરેલ છે તે માન્ય રાખવામાં આવ્યા અને જાહેરાત આપી ભરતી કરવા ઠરાવવામાં આવ્યું.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૭૪.૦૭ કરારથી નિયુક્ત થયેલા કર્મચારીઓની પુન:નિયુક્તની બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીની ૨૯ મી એક્ઝીક્યુટી કાઉન્સીલના ઠરાવ ક્રમાંક : ૨૯.૦૩ થી થયેલ નિર્ણય મુજબ જે સ્વનિર્ભર ધોરણે કરાર આધારિત કર્મચારીશ્રીનો કરારનો સમયગાળો પૂર્ણ થયેલ છે તેમને નિયમાનુસાર પુન: નિમણૂક કરવા અંગે સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૪.૦૮ જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ ચાન્સેલરની બેઠકનું આયોજન કરવા અંગે.

ઠરાવ :'શ્રી' સોમનાથ સંસ્કૃત અધિનિયમ – ૨૦૦૫ ના 12(1)(a) મુજબ માન.કુલપતીશ્રીની સમયાવધિ પૂર્ણ થતાં સર્ચ કમિટિનું ગઠન કરવાનું થાય છે સર્ચ કમિટિના ત્રણ સભ્યો પૈકી એક સભ્યશ્રી રાજ્યમાં કાયદા દ્વારા સ્થાપિત યુનિવર્સિટીઓના માન.કુલપતીશ્રીઓ દ્વારા સંસ્કૃત જગતમાં પ્રાચીન નામાંકિત વિદ્વાન રહેશે. જે અંતર્ગત માન.વાઈસ ચાન્સેલરશ્રી પ્રો.ગોપબન્ધુ મિશ્રજીની સમયાવધિ ૨૩/૦૯/૨૦૨૧ના રોજ પૂર્ણ થનાર છે જેને ધ્યાને લઈ કુલપતિશ્રી નિમણુક બાબતે સર્ચ કમિટિની રચના કરવા અંગે જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ ચાન્સેલરની બેઠકનું આયોજન તા.૩૦/૦૪/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ છે તેની જાણ કરવામાં આવી.

૭૪.૦૯ ડૅા. રમેશચંદ્ર શુક્લની સામે તપાસ સમિતિ નિમેલ છે તેની થયેલ કાર્યવાહીની જાણ કરવા અંગે.

ઠરાવ : તા.૨૨/૦૨/૨૦૨૧ નાં રોજ ૭૩મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં નક્કી થયા મુજબ તપાસ સમિતિની પ્રથમ બેઠકનું આયોજન ઓનલાઈન વેબેક્ષના માધ્યમથી થયેલ છે જે બાબત અંગે સર્વે મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા.

૭૪.૧૦ શ્રી નિત્યાનંદ ઓઝાની એક વર્ષની આપવામાં આવેલ નિમણૂકને બહાલી આપવા અંગે.

ઠરાવ : અત્રેની યુનિવર્સિટીમાં આસી.પ્રોફેસર (જ્યોતિષ)તરીકે ફરજ બજાવતા શ્રી નિત્યાંનદ ઓઝાજીનો નિયુક્તિ અંગેનો સમયગાળો તા.૧૬/૦૪/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ હતો તથા સદર સમયગાળા દરમિયાન એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકનું આયોજન થયેલ ન હતું તથા માન.કુલપતિશ્રીના ફાઈલ પર મળેલ આદેશાનુસાર શ્રી નિત્યાનંદ ઓઝાની નિમણુક અંગેની સમયાવધિ એક વર્ષ લંબાવી તા.૧૬/૦૪/૨૦૨૨ સુધી કરેલ છે જે અંગેની સર્વે મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી હતી.

૭૪.૧૧ બોયઝ હોસ્ટેલ ગૃહપતિનાં રાજીનામાની જાણ કરવા બાબત.

ઠરાવ : બોયઝ હોસ્ટેલના ગૃહપતિ પંડયા ભાવિનકુમાર કિશોરભાઈની તા.૦૯/૦૩/૨૦૨૧ ની નોટીસ પિરીયડ શરૂ કરવા તથા કરારનો અંત લાવવાની અરજી અનુસંધાને તેઓનો નોટિસ પિરિયડ પૂર્ણ થયેથી તા.૦૮/૦૪/૨૦૨૧ ના રોજ કચેરી સમય બાદ છૂટા થયેલ જે બાબત અંગે સર્વે મહાનુભાવોને અગવત કરાવવામાં આવેલ તથા આગામી સમયમાં ગૃહપતિની જરૂરિયાતને ધ્યાને લઇ તૈયાર કરેલ નિયમોનુસાર તેની તેમજ ખાલી પડેલ ગૃહમાતા અને પી.જી.ડી.સી.એ કો-ઓર્ડિનેટર અને ડ્રાઈવર માટે જાહેરાત આપી ભરતીપ્રક્રિયા કરવી તેમ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. એમા હાલ કોરોના કાળમાં જો ઈન્ટરવ્યુ ન થઈ શકે અને સેવાની

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

અનિવાર્યતા ઊભી થાય તેવા સંજોગોમાં માન.કુલપતિશ્રીને તેઓની સત્તાનો ઉપયોગ કરી કર્મચારીશ્રીની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી.

૭૪.૧૨ આઉટસોર્સિંગથી મેળવવામાં આવતી સેવાઓની વિગતો બાબત.

ઠરાવ : યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ તથા હિસાબી વિભાગની કામગીરીને ધ્યાને લઈ વર્ગ -૩ નાં કર્મચારીશ્રીની ભરતી કલેક્ટર કચેરી,ગીર-સોમનાથ,મુ.ઈણાજ દ્વારા મંજૂર થયેલ આઉટસોર્સિંગ એજન્સી દ્વારા લેવામાં આવેલ છે. તેની સર્વે મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી હતી.

૭૪.૧૩ કુલસચિવશ્રીના ઉપયોગ માટે નાણા સમિતિમાં નક્કી થયા પ્રમાણે નોન ગર્વમેન્ટ બજેટમાંથી ૧૫ લાખની મર્યાદામાં ગાડી ખરીદ કરવા અંગે.

ઠરાવ : કુલસચિવશ્રીના ઉપયોગ માટે ગાડી ખરીદી અંગે નાણા સમિતિમાં લેવાયેલ નિર્ણય મુજબ ૧૫ લાખની મર્યાદામાં ગાડીની કંપની અને મોડેલનો નિર્ણય કરવાની, ગાડી ખરીદ કરવાની સત્તા સર્વે મહાનુભાવો દ્વારા માન.કુલપતીશ્રીને આપવામાં આવી. તેમજ ખરીદી બાદ ડ્રાઇવરની જરૂરિયાત રહેશે તે અંગે યુનિવર્સિટી યોગ્ય નિર્ણય કરે તેમ નકકી કરવામાં આવ્યું.

૭૪.૧૪ યુ.જી.સી દ્વારા વર્ષ ૨૦૧૮ માં પ્રકાશિત નિયમાવલી અનુસાર યુનિવર્સિટી ખાતે નવનિયુક્ત થયેલ અધ્યાપકોનો પ્રોબેશન સમયગાળો એક વર્ષનો કરવા માટેની વિચારણા કરવા અંગે

ઠરાવ : યુનિવર્સિટી ખાતે નવનિયુક્ત થયેલ અધ્યાપકોનો પ્રોબેશન સમયગાળો એક વર્ષનો કરવા માટે અધ્યાપકશ્રીઓની પ્રાપ્ત થયેલ અરજી પર ચર્ચા-વિચારણા કરી કરવામાં આવી. જેમાં રાજય સરકાર દ્વારા ૭માં પગારપંચ મંજૂર કરતી વખતે યુજીસીના નિયમોનું પાલન કરવા માટે યુનિવર્સિટી કક્ષાએથી બાહેધરી લઇ તે મુજબનો રેગ્યુલેશનમાં અપડેટ કરવા જણાવતા યુનિવર્સિટીએ તા.૧૩-૧૨-૨૦૧૯ના રોજ બાંહેધરી આપેલ છે ત્યારે તે નિયમોનો અમલ કરવાનો થાય તે બાબતને ધ્યાને લઇ યુ.જી.સી દ્વારા વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત થયેલ નિયમાવલી અનુસાર અધ્યાપકશ્રીઓનો પ્રોબેશન સમયગાળો એક વર્ષ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ જે-તે કર્મચારીશ્રીનું જ્યારથી એક વર્ષ પૂર્ણ થયું હોય ત્યારથી જ તેમનો પ્રોબેશન સમયગાળો પૂર્ણ ગણવો (સદર બાબતે પત્ર આપી જાણ કરવી) તથા હવેથી નવનિયુક્ત પામનાર અધ્યાપકશ્રીઓને યુ.જી.સી.ની ગાઈડલાઈન પ્રમાણે એક વર્ષનો જ પ્રોબેશન સમયગાળો રાખવો તેમ સર્વે મહાનુભાવો નિર્ણય કરવામાં આવ્યો.

૭૪.૧૫ યુનિવર્સિટી કેમ્પસ ખાતે સિક્યુરીટી કેબીન મુકવા અંગે

ઠરાવ : નેકની પીઅર ટીમ યુનિવર્સિટી ખાતે રૂબરૂ મુલાકાતે આવનાર હોય ત્યારે યુનિવર્સિટી કેમ્પસ ખાતે સિક્યુરીટી કેબીનની આવશ્યકતાને ધ્યાને લઈ યુનિવર્સિટીની ગરીમા મુજબની પોર્ટા કેબીનની ખરીદી કરવાનું સર્વાનુમતે નક્કી થયુ. તે માટે માન.કુલપતીશ્રીને નાણાકીય સત્તા આપવામાં આવી. તેમજ NAAC ટીમ પહેલા કેબીન મૂકાય તેમ નિર્ણય કરવામાં આવ્યો.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

૭૪.૧૬ આગામી સમયમાં નેકની પીયર ટીમ વિઝીટને ધ્યાને લઈ કેમ્પસ બ્યુટીફિકેશન કરવા અંગે થનાર ખર્ચ બાબતે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા સેલ્ફ સ્ટડી રિપોર્ટ NAAC માં સબમિટ કરવામાં આવેલ છે ત્યારે આગામી સમયમાં નેકની પીયર ટીમ યુનિવર્સિટી ખાતે રૂબરૂ મુલાકાતે આવનાર હોય જેથી યુનિવર્સિટી દ્વારા કરવાની થતી બ્યુટીફિકેશન તેમજ જરૂરી કામગીરી માટે માન.કુલપતિશ્રીને યોગ્ય લાગે તે નિર્ણય કરવા તથા તે માટે ફાયનાન્સ કમિટિમાં મળેલ મંજૂરીને ધ્યાને લઈ ખર્ચ કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

૭૪.૧૭ નેક પીયર ટીમની મુલાકાતને ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા કરવાની થતી તમામ કામગીરી પૂર્ણ કરેલ છે અને આ અંગે તા.૦૭/૦૪/૨૦૨૧ના રોજની બેઠકની કાર્યનોંધ સામેલ છે જે જાણ સારૂ.

ઠરાવ : નેકની પીયર ટીમની રૂબરૂ મુલાકાતને ધ્યાને લઈ યુનિવર્સિટી ખાતે ૦૭/૦૪/૨૦૨૧ની મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ મહાનુભાવોને અવગત કરાવવામાં આવ્યા તથા સદર કાર્યનોંધ અંગે કરવાની થતી તમામ કામગીરી નેકની પીયર ટીમને ધ્યાનમાં લઈ કરવાની મંજૂરી આપવામાં આવી તેમજ જે કામગીરી થાય તે લાંબા સમયને ધ્યાનમાં રાખીને થાય તેમ ઠરાવવામાં આવ્યું હતું.

૭૪.૧૮ મહાવિદ્યાલય/કોલેજ/ડિપ્લોમા/પીજીડીસીએ સંસ્થાઓ પાસેથી જોડાણ ફી પર લેવામાં આવતો GSTનક્કી થયેલ ન હોય શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨નાં જોડાણ માટે GSTનો દર નક્કી કરવા બાબત.

ઠરાવ : મહાવિદ્યાલય/કોલેજ/ડિપ્લોમા/પીજીડીસીએ સંસ્થાઓ પાસેથી જોડાણ ફી પર લેવામાં આવતો GST દર હાલ નક્કી થયેલ ન હોય શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨નાં જોડાણ માટે GSTનો દર બાબતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી થનાર તમામ નવા જોડાણો તથા અગાઉ થયેલ જોડાણના રિન્યુઅલ પત્રમાં સરકારશ્રી દ્વારા GST દર નક્કી થતાં જે-તે સંસ્થા પાસેથી વસૂલવામાં આવશે તેવી જોડાણની શરતોમાં ઉમેરો કરી સંસ્થાને પત્ર મોકલી આપવામાં આવેલ છે જે લેવાયેલ નિર્ણયને સર્વે મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી હતી.

૭૪.૧૯ મિડિયા પ્રચાર પ્રસાર સમિતિની તા.૨૦/૦૧/૨૦૨૧ નાં રોજની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : મિડિયા પ્રચાર પ્રસાર સમિતિની તા.૨૦/૦૧/૨૦૨૧ નાં રોજની બેઠકની કાર્યનોંધને મહાનુભાવો સમક્ષ રજૂ કરતા સર્વાનુમતે અનુમોદન આપવામાં આવેલ હતું તથા યુનિવર્સિટીનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે શક્ય તમામ પ્રયત્નો કરવા તેમ સૂચવેલ હતું.

૭૪.૨૦ માન.સભ્યશ્રીઓનાં સૂચનો.

ઠરાવ ૧. માન.સભ્યશ્રી ડૉ.કૃષ્ણપ્રસાદ નિરોલાજી દ્વારા સૂચન કરવામાં આવેલ હતું કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત તથા ગુજરાતી બંન્ને ભાષામાં પત્ર વ્યવહાર થાય સદર બાબત ચર્ચા-વિચારણા કરી હાલ મહાવિદ્યાલય પૂરતુ અંશતઃ સંસ્કૃત ભાષામાં (કોમન જનરલ પત્ર) પત્ર વ્યવહાર કરી શરૂઆત કરવા નક્કી કરવામાં આવ્યું હતું.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

ઠરાવ : ૨. કુલસચિવ દ્વારા યુનિવર્સિટી કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રી હિરેન આર.કુબાવતની સર્વિસના પાંચ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે નિયમાનુસાર તા.૨૪-૦૬-૨૦૨૧થી લાંબાગાળાની નિમણૂંકનો પત્ર આપવાનો થાય છે તેની સર્વે મહાનુભાવ દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી.

૭૪.૨૧ માન. અધ્યક્ષશ્રીનાં સ્થાનેથી.

માન.કુલપતિશ્રી દ્વારા સરકારશ્રી તરફથી ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં શૈક્ષણિક નવી જગ્યાઓ મંજૂર કરેલ છે અને તે મંજૂર થયેલ જગ્યા સાથે 12B મેળવવા માટે ગણતરી કરવામાં આવે તો પણ જગ્યાઓ ઘટે છે. તેથી આ અંગે વિષયવાઇઝ નિયમાનુસાર ગણતરી કરી 12B મેળવવા માટે જેટલી જગ્યાઓની ઘટ રહે છે તેની મંજૂરી સ્વભંડોળમાંથી ફિકસ પગારમાંથી આપી 12B ની માન્યતા મેળવી શકાય છે તો આ અંગે કેટલી જગ્યાઓ અને કેટલા પગારમાં અને કઇ રીતે એકઝીકયુટીવ કાઉન્સિલે એ મંજૂર કરવાની થાય છે તે માટે પ્રથમ ફાઇનાન્સ કમિટીમાં મૂકી એકઝીકયુટીવ કાઉન્સિલમાં રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તથા બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

Shree Somnath Sanskrit University Veraval Gir Somnath

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)